BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'સેતુ કાર્યક્રમ' અન્વયે મહિલા સશક્તિકરણ કાર્યશાળા યોજાઈ

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર,તા. ૦૯

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના સંકલનથી 'સેતુ કાર્યક્રમ' હેઠળ એક દિવસીય કાર્યશાળાનું ગૌરવવંતુ આયોજન કરાયું. કાર્યક્રમની ગરિમા વધારવા મંચ પર યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, મુખ્ય વકતા અને અમદાવાદ સિવિલ તથા સેશન્સ કોર્ટનાં ન્યાયાધીશ ડૉ. જ્યોત્સના યાજ્ઞિક, જેન્ડર રિસોર્સ ઓફિસર ઝાલા શૈલેન્દ્રકુમારી, યુનિવર્સિટીના નાયબ કુલસચિવ ડૉ. ભાવિન ત્રિવેદી તેમજ નોડલ ઓફિસર તરીકે પ્રો. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. નિશા જોષી બિરાજમાન રહ્યાં. આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય કાયદાકીય જ્ઞાન દ્વારા મહિલાઓને આત્મનિર્ભર અને સશક્ત બનાવવાનો રહ્યો. ઉદ્ઘાટન સત્રમાં પ્રો. અમી ઉપાધ્યાયે 'સેતુ કાર્યક્રમ'ની વિભાવના સમજાવતા જણાવ્યું કે, મહિલાઓને માત્ર પીડિતમાંથી 'સર્વાઈવર' જ નહીં, પરંતુ અન્યાય સામે મક્કમતાથી લડતી 'વોરિયર' (યોદ્ધા) બનાવવાની







આ નેમ છે. તેમણે કાર્યસ્થળે પારદર્શક અને ભયમુક્ત વાતાવરણના નિર્માણ પર ભાર મૂકી મહિલાઓ કાયદાકીય જ્ઞાનના શસ્ત્ર સાથે આત્મવિશ્વાસપૂર્વક આગળ વધે તેવું આહ્વાન કર્યું. મુખ્ય વકતા ડૉ. જ્યોત્સના યાજ્ઞિકે મહિલા સશક્તિકરણ માટે ૪ સૂત્રો આપતા કહ્યું કે, મહિલાઓએ કોઈપણ અયોગ્ય માંગણી સામે ન નમવું જોઈએ અને હેરાન કરનારનો મક્કમતાથી સામનો કરવો જોઈએ. તેમણે પહેલી વખત થતી અણગમતી ચેષ્ટાનો પણ ત્વરિત વિરોધ કરવા અને આર્થિક રીતે આત્મનિર્ભર બનવા પર વિશેષ ભાર મૂક્યો. આ ઉદ્ઘાટન સત્રમાં શાબ્દિક સ્વાગત પ્રો. પ્રિયાંકી વ્યાસ, આભારદર્શન ડૉ. નિશા જોષી અને સંચાલન નેહાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. કાર્યશાળાના દ્વિતીય સત્રમાં ઝાલા શૈલેન્દ્રકુમારીએ દૈનિક જીવનનાં ઉદાહરણો દ્વારા જનજીવનમાં પ્રવર્તતા લિંગભેદ અંગે ધ્યાન દોરી તેના નિવારણ માટેના ઉપાયો અને સમાનતા સ્થાપવા માટેના આવશ્યક સૂચનો રજૂ કર્યાં. ત્યારબાદ યુનિવર્સિટીનાં લીગલ આસિસ્ટન્ટ શ્રી મૈત્રી ત્રિવેદીએ કાર્યસ્થળ પર મહિલાઓના અધિકારો અને કાયદાકીય પાસાઓની ગહન છણાવટ કરી. તેમણે સમજાવ્યું કે કાયદાકીય પ્રક્રિયાની સાચી સમજ જ મહિલાઓના આત્મસન્માન અને સામાજિક સુરક્ષાના કવચ તરીકે કાર્ય કરે છે, જે સુરક્ષિત કાર્યપરિવેશ માટે અત્યંત મહત્ત્વનું છે.

કાર્યશાળાના અંતમાં ડૉ. નીતુ કનારા દ્વારા આભારવિધિ કરવામાં આવી. સંચાલક તરીકે વિરલ ઠાકરે મહત્ત્વની ભૂમિકા ભજવી. આ આયોજનની ફળશ્રુતિ રૂપે સહભાગીઓમાં કાયદાકીય ગંભીરતા અને સશક્તિકરણ પ્રત્યે નવી વૈચારિક ચેતનાનો સંચાર થયો. આ જ્ઞાનસભર કાર્યશાળામાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ, સંશોધકો, અધ્યાપકો, સેવક ભાઈ-બહેનો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને જાગૃત નાગરિકોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો.

ગાંધીનગર સમાચાર — તારીખ : 09/02/2026